# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1. નવી દિલ્હીમાં ભારત અને મંગોલિયા વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરનો સંવાદ.
2. વિવિધ મુદ્દાઓની ચર્ચા માટે યુનાઈટેડ નેશન્સ ટ્રુપ કોન્ટ્રીબ્યુટીંગ કન્ટ્રીઝના ચીફ્સ ઓફ કોન્કલેવનો નવી દિલ્હીમાં આરંભ.
3. કોલ્ડ્રિફ કફ સિરપ સહિત વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતમાં ઉત્પાદિત ત્રણ ભેળસેળયુક્ત કફ સિરપ ઓળખી.
4. સરકારે આજે પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં વરસાદ અને ભૂસ્ખલનથી પ્રભાવિત લોકો માટે રાહત સામગ્રી મોકલી.
5. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ કહ્યું કે, પાકિસ્તાનના હુમલાનો અફઘાનિસ્તાને જવાબ આપ્યો છે
6. ક્રિકેટમાં, ભારતે દિલ્હીમાં રમાયેલી બીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને સાત વિકેટથી હરાવ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# MANGOLIA PREZ INDIA

નવી દિલ્હીમાં ભારત અને મંગોલિયા વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરનો સંવાદ ચાલી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મંગોલિયાના રાષ્ટ્રપ્રમુખ ખુરેલસુખ ઉખના આ બેઠકમાં ઉપસ્થિત છે. બંને પક્ષ પરસ્પર સંબંધના તમામ પાસાઓની સમીક્ષા કરી રહ્યા છે. સંવાદ બાદ અનેક સમજૂતી કરાર પર હસ્તાક્ષર થઈ શકે છે.

આ પહેલા મંગોલિયાના રાષ્ટ્રપ્રમુખ રાજઘાટ ગયા અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા. શ્રી ઉખના હાલ ચાર દિવસના ભારત પ્રવાસે આવ્યા છે.

શ્રી ઉખના આજે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરશે. મંગોલિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે મંત્રીમંડળના સભ્યો , સાંસદ, વરિષ્ઠ અધિકારીઓ,  કારોબારી પ્રમુખો અને સાંસ્કૃતિક પ્રતિનિધિઓનું ઉચ્ચ સ્તરનું પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે. રાષ્ટ્રપ્રમુખ તરીકે શ્રી ઉખનાનો આ પહેલો ભારત પ્રવાસ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ARMY-UNTCC CONCLAVE

યુનાઈટેડ નેશન્સ ટ્રુપ કોન્ટ્રીબ્યુટીંગ કન્ટ્રીઝ ( **UNTCC)** ના ચીફ્સ ઓફ કોન્ક્લેવ આજે નવી દિલ્હીમાં શરૂ થ ઈ. ત્રણ દિવસીય ઉચ્ચ-સ્તરીય ફોરમનું આયોજન ભારતીય સેના કરી રહી છે જેમાં ઓપરેશનલ પડકારો, સંભવિત જોખમો, શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવા અને ભવિષ્યમાં શાંતિ જાળવણી પર સહિયારી સમજ કેળવવા પર ચર્ચા થશે.

કોન્ક્લેવને સંબોધતા , સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કહ્યું , ભારત પુરાણા આંતરરાષ્ટ્રીય માળખાના સુધારાની હિમાયત કરી રહ્યું છે તેમણે ભાર મૂક્યો કે દેશ આંતરરાષ્ટ્રીય નિયમો-આધારિત વ્યવસ્થાને જાળવી રાખવામાં મજબૂત છે. મંત્રીએ કહ્યું, ભારત સ્વીકારે છે કે શાંતિ જાળવણીની સફળતા માત્ર સંખ્યા પર જ નહીં પરંતુ તૈયારી પર પણ આધારિત છે.

આ પ્રસંગે બોલતા , આર્મી ચીફ , જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ અદ્યતન ટેકનોલોજીને કામગીરીમાં એકીકૃત કરવાની, ઝડપી જમાવટ ક્ષમતાઓ વધારવાની અને ફાળો આપનારા રાષ્ટ્રો વચ્ચે આંતર-કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

યુએન શાંતિ રક્ષા મિશનમાં સૈનિકોનું યોગદાન આપતા **32** દેશોના વડાઓ અને પ્રતિનિધિઓ આ કોન્ક્લેવમાં ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . .

# WHO COUGH SYRUP

કોલ્ડ્રિફ કફ સિરપ સહિત વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતમાં ઉત્પાદિત ત્રણ ભેળસેળયુક્ત કફ સિરપ શોધ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપી છે કે આ ત્રણે  સિરપ ગંભીર અને સંભવિત રીતે જીવલેણ બીમારીઓનું કારણ બની શકે છે.

સંગઠને વિશ્વભરના અધિકારીઓને વિનંતી કરી છે કે જો તેમના દેશોમાં આમાંથી કોઈ પણ ઉત્પાદન મળી આવે તો એજન્સીને જાણ કરે. સંગઠને કહ્યું કે આવી દવાઓ બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સૂચવવી જોઈએ નહીં અથવા વિતરિત કરવી જોઈએ નહીં અને સામાન્ય રીતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે આ દવાની ભલામણ થતી નથી.

વૈશ્વિક આરોગ્ય સંસ્થાએ શ્રીસન ફાર્માસ્યુટિકલ્સના કોલ્ડ્રિફ  , રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સના રેસ્પિફ્રેશ TR અને શેપ ફાર્માના રીલાઇફના ચોક્કસ બેચને અસરગ્રસ્ત દવાઓ તરીકે ઓળખ્યા છે.

એક અઠવાડિયા પહેલા મધ્યપ્રદેશમાં કોલ્ડ્રિફ કફ સિરપના સેવન સાથે સંકળાયેલા ઘણા બાળકોના મૃત્યુ થયા હતા. જેના કારણે કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચેતવણી જારી કરવાની ફરજ પડી હતી, જેમાં બાળકો માટે કફ સિરપના પ્રિસ્ક્રિપ્શનમાં અત્યંત સાવધાની રાખવાની વિનંતી કરવામાં આવી હતી.

તમિલનાડુમાં ઉત્પાદિત કોલ્ડ્રિફ સિરપ ઝેરી રાસાયણિક ડાયથિલિન ગ્લાયકોલથી ખતરનાક રીતે દૂષિત હોવાનું જાણવા મળ્યું હતું. આ પછી  , શ્રીસન ફાર્માસ્યુટિકલ્સનું ઉત્પાદન લાઇસન્સ રદ કરવામાં આવ્યું, અને તેના માલિક, જી. રંગનાથનની ધરપકડ કરવામાં આવી.

. . . . . . . . . . . . .

# BENGAL RELIEF MATERIAL

સરકારે આજે પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં વરસાદ અને ભૂસ્ખલનથી પ્રભાવિત લોકો માટે રાહત સામગ્રી મોકલી છે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ રાજ્યમંત્રી ડૉ. સુકાંત મજુમદારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર અને ભાજપ અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કાર્યમાં સક્રિયપણે રોકાયેલા છે. તેમણે કહ્યું કે રાહત સામગ્રીમાં પૂરગ્રસ્ત ઘરો માટે બે હજાર 500 પોલીથીન શીટનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . .

# J&K-TERRORISTS KILLED

જમ્મુ અને કાશ્મીરમાંના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા પર થયેલી અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા. સેનાના જણાવ્યા અનુસાર , ગઈકાલે સરહદી કુપવાડા જિલ્લાના માછિલ સેક્ટરમાં સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

સેનાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે , સશસ્ત્ર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો જેના કારણે વિસ્તારમાં અથડામણ શરૂ થઈ હતી. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી શસ્ત્રો અને સાધનોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . .

# INDIA - FEMALE LABOUR

ભારતમાં મહિલા કાર્યબળ ભાગીદારી દરમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. શ્રમ અને રોજગાર મંત્રાલયએ કહ્યું છે કે , મહિલા શ્રમ બળ ભાગીદારી દર વર્ષ 2017-18 માં 23 ટકા થી વધીને 2023-24 માં લગભગ 42 ટકા સુધી થયું છે.

વિશ્વ બેન્કના આંકડા અનુસાર પાછલા 10 વર્ષમાં ભારતે બ્રિક્સ દેશો વચ્ચે મહિલાઓની શ્રમ શક્તિ ભાગીદારીમાં મહત્વપૂર્ણ વૃદ્ધિ હાંસલ કરી છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

.........

# KIRTI VARDHAN-EGYPT SUMMIT

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ભારત પશ્ચિમ એશિયામાં શાંતિ ,વાતચીત અને રાજદ્વારી દ્વારા મુદ્દાઓના ઉકેલના પક્ષમાં છે.

ગઈકાલે ઇજિપ્તમાં શર્મ અલ-શેખ શાંતિ સમિટમાં ભાગ લેતા , વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે કહ્યું કે તેમનો દેશ ગાઝા શાંતિ યોજનાને સમર્થન આપે છે અને શાંતિના માર્ગ પર આગળ વધવામાં ઇજિપ્ત અને કતારની મૂલ્યવાન ભૂમિકાની પ્રશંસા કરે છે.

મંત્રાલયે કહ્યું કે ભારત આ ક્ષેત્રમાં કાયમી શાંતિ માટેના તમામ પ્રયાસોને સમર્થન આપશે. આ સમિટના સહ-યજમાન પદે ઇજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી અને અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રહ્યા હતા .ઉપરાંત ઘણા વિશ્વ નેતાઓએ પણ હાજરી આપી હતી.

. . . . . . . . . . .

# AFGHANISTAN FOREIGN MNINISTE

અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ કહ્યું છે કે પાકિસ્તાન સાથેની સરહદી અથડામણમાં અફઘાનિસ્તાને હુમલાનો જવાબ આપ્યો છે.

નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા , અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીએ કહ્યું કે , પાકિસ્તાનના હુમલા પછી જ અફઘાનિસ્તાને લશ્કરી કાર્યવાહી શરૂ કરી હતી.

હાલમાં ભારતના પ્રવાસે આવેલા શ્રી મુત્તાકીએ કહ્યું કે અફઘાનિસ્તાનના મિત્ર દેશો એવા કતાર અને અન્ય આરબ રાષ્ટ્રોએ તેમને યુદ્ધ બંધ કરવા કહ્યું. તેમણે વધુમાં કહ્યું કે વાતચીત દ્વારા ઉકેલ શક્ય છે યુધ્ધથી કંઇ વળવાનું નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SOUTH SUDAN FLOOD

દક્ષિણ સુદાનમાં પૂરથી લગભગ 8 લાખ 90 હજાર લોકો અસરગ્રસ્ત થયા છે. દેશમાં વ્યાપક પૂરને કારણે અત્યાર સુધીમાં 19 લોકોના મોત થયા છે.

યુએનના પ્રવક્તાના જણાવ્યા અનુસાર , ભારે વરસાદ અને નાઇલ નદીના કિનારે વધતા જળસ્તરને કારણે દેશ પૂરગ્રસ્ત બન્યો છે. અસરગ્રસ્ત મોટાભાગના લોકો જોંગલી અને યુનિટી રાજ્યોના છે.

પૂરને કારણે ઘરો , પાક, શાળાઓ, આરોગ્ય સુવિધાઓ, રસ્તાઓ અને અન્ય મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને વ્યાપક નુકસાન થયું છે,

. . . . . . . . . . . . . . . .

# MADAGASCAR PROTESTS

મેડાગાસ્કરના રાષ્ટ્રપતિ એન્ડ્રી રાજોએલિના દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો વચ્ચે દેશ છોડીને ભાગી ગયા છે.

શ્રી રાજોએલિના ગઈકાલે ટેલિવિઝન સંબોધન કરવાના હતા , પરંતુ સશસ્ત્ર દળોના એક જૂથે રાજ્ય માલિકીના મીડિયા પર નિયંત્રણ મેળવવાની ધમકી આપ્યા બાદ ભાષણ મોકૂફ રાખવામાં આવ્યું હતું. રાજધાની એન્ટાનાનારીવોમાં સૈનિકો અને સુરક્ષા દળો સાથે સેંકડો વિરોધીઓ જોડાયા હતા , તેઓ ધ્વજ લહેરાવી રહ્યા હતા અને સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર , હિંસક અથડામણમાં ઓછામાં ઓછા 22 લોકો માર્યા ગયા છે. મેડાગાસ્કરમાં પાણી અને વીજળીના પુરવઠાને લઈને ગયા મહિનાના અંતમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા..

. . . . . . . . . . .

# CRICKET

ક્રિકેટમાં, ભારતે આજે દિલ્હીમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને સાત વિકેટથી હરાવીને શ્રેણીમાં 2-0થી જીત મેળવી.

મેચના પાંચમા દિવસે ભારતે ત્રણ વિકેટ ગુમાવી 121 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. જેમા કે.એલ. રાહુલે અણનમ 58 રન અને સાઈ સુદર્શને 39 રનનું યોગદાન આપ્યું. વેસ્ટ ઈન્ડિઝ પર ભારતનો આ સતત 10મો ટેસ્ટ શ્રેણી વિજય છે.

. . . . . . . . . . . . . . . . . .

# STOCKS-1200

ભારતીય શેર બજારમાં આજે બપોરના કારોબારમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો નીચલી સપાટી પર રહ્યા હતા.

સેન્સેક્સ 247 પોઈન્ટ ઘટીને 82 હજાર 076 પર, જ્યારે નિફ્ટી 72 પોઈન્ટ ઘટીને 25 હજાર 153 ની સપાટી પર રહ્યો હતો. ક્ષેત્રીય મોરચે, PSU બેંક, ફાર્મા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સૌથી વધુ નુકસાનમાં હતા , જ્યારે IT વલણને પાછળ છોડી રહ્યું હતું.

. . . . . . .